**ક્રિમીનલ કેસ નં. ૧૪૮૪/૨૦૨૨**

---

**આંક–૧ નીચે ક્રિ.પ્રો.કોડની કલમ–૩૨૦ અન્વયેનો હુકમ**

---

**(૧)** સદર કામના આરોપીઓ વિરુધ્ધ નામદાર કોર્ટમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૭૯, ૧૧૪ મુજબની ચાર્જસીટ રજુ થયેથી નામદાર કોર્ટે સંજ્ઞાન લીધેલ.

**(૨)** નામદાર કોર્ટ દવારા સદર કામના ફરીયાદી અને સાહેદોને (વિકટીમ) સમન્સ કરતાં ફરીયાદી સુલેમાનભાઈ ઈસપભાઈ ઘાંચી તા. ૧/૮/૨૦૨૫ ના રોજ નામદાર કોર્ટમાં હાજર રહી, આંક–૨ વાળી સમાધાન પુરશીશ રજુ કરેલ. જેમાં તેઓએ જણાવેલ કે, '' સદર કામે અમોને કોઈ તકરાર ના હોય, સદર કામે અમોને વિમાની રકમ મળી ગયેલ હોય. જેથી હવે આ કામ આગળ ચલાવવા માંગતા ના હોય, માંડવાળ કરવા હુકમ કરાવ આ પુરસીસથી જાહેર કરે છે. '' વધુમાં નામદાર કોર્ટ દવારા પૂછતા તેમણે જણાવેલ છે કે, તેમને આરોપી વિરુધ્ધ હવે કોઈ દરકાર નથી. તેઓ સદર કેસ સમાધાન કરવા માંગે છે.

**(૩)** નામદાર કોર્ટે સદર કામનું રેકર્ડ તથા કેસની હકિકત વંચાણે લીધી. તેમજ આંક–૨ વાળી ફરીયાદી અને સાહેદો ની પુરશીશ તેમજ તે તમામની રજુઆત ધ્યાને લીધી. ક્રિ.પ્રો.કોડની કલમ–૩૨૦ મુજબ ઈ.પી.કો. કલમ–૩૭૯, ૧૧૪ મુજબના ગુનામાં ફરીયાદી ધ્વારા સમાધાન કરેલ છે. જેથી, તે ધ્યાને લઈ સદર કામે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **:: આખરી હુકમ ::**

**(૧)** સદર કામના આરોપી નં. ૧ સરદાર અમરસિંહ ભીલાલા તથા આરોપી નં. ૨ હીરુ ઉર્ફે હીરૂસિંગનાઓને સદર કામે ઈ.પી.કો. કલમ–૩૭૯, ૧૧૪ના ગુનામાંથી, ક્રિ.પ્રો.કોડની કલમ–૩૨૦ મુજબ સમાધાન થયેથી નિર્દોષ ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. **૧૩** મી **સપ્ટેમ્બર, ૨૦૨૫** ના રોજની નેશનલ લોક અદાલતમાં જાહેર કર્યો.

તારીખ :– ૧૩/૦૯/૨૦૨૫
સ્થળ:– આમોદ

(રવિકુમાર આર.પરમાર)
જ્યુડીશયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
આમોદ
જી.જે. કોડ નં. – ૦૧૬૦૩